શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# ભાષા

કસોટી પત્રક | 1 | 1 |    માધ્યમ | 1 | 4 |

નેશનલ એચિવમેન્ટ સર્વે - ધોરણ - VIII

વિદ્યાર્થીનું નામ : ______________________

શાળાનું નામ : ______________________

રાજ્યનું નામ : ______________________

જિલ્લાનું નામ : ______________________

-: માત્ર ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર માટે :-

| | | | |
|---|---|---|---|
| 1 8 | | | |
| રાજ્ય કોડ | જિલ્લા કોડ | શાળા કોડ | વિભાગ કોડ |
| | | | |
| વિસ્તાર કોડ<br>૧. ગ્રામ્ય ૨. શહેરી | | વિદ્યાર્થી કોડ | વિદ્યાર્થી જાતિ<br>૧. કુમાર ૨. કન્યા |

विद्याया ड मृतश्नुते

एनसीईआरटी
NCERT

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન વિભાગ
શ્રી અરવિંદો માર્ગ, નવી દિલ્હી - ૧૧૦૦૧૬

૨૦૧૨

# વિદ્યાર્થીઓ માટેની સૂચનાઓ

૧. પ્રશ્નોના જવાબ એક અલગ જવાબ પત્રકમાં આપવાના છે.

૨. જવાબ પત્રક ઉપર તમારું નામ, તારીખ, રાજ્ય કોડ, જિલ્લા કોડ, શાળા કોડ, વિદ્યાર્થી આઈડી, પ્રશ્નપત્રનો ક્રમાંક, માધ્યમ કોડ, જાતિ અને વિસ્તાર કોડ ખંડ નિરીક્ષકે આપેલી સૂચનાઓ મુજબ લખો.

૩. આ પ્રશ્નપત્રમાં 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયત્ન કરો.

૪. આ પ્રશ્નપત્રના જવાબો લખવાનો સમય ૧૦૦ મિનિટનો છે.

૫. પ્રત્યેક પ્રશ્નના ચાર વિકલ્પ આપેલા છે. તેમાંનો માત્ર એક વિકલ્પ સાચો છે. સાચો વિકલ્પ પસંદ કરી જવાબપત્રકમાં તેની ઉપર નીચે દર્શાવ્યા મુજબ (✓) ખરાની નિશાની કરો.

| ✓ | 2 | 3 | 4 |
|---|---|---|---|

૬. જો તમે ખોટો વિકલ્પ પસંદ કર્યો હોય અને તે પછી સાચો વિકલ્પ પસંદ કરવા ઈચ્છો તો પહેલાં નિશાન કરેલુ ખાનુ ઘુંટી નાખો ■ અને સાચા વિકલ્પના ખાનામાં (✓) ખરા ની નિશાની જણાવ્યા મુજબ કરો.

| ■ | 2 | 3 | ✓ |
|---|---|---|---|

૭. જવાબ પત્રકમાં જવાબ આપવા માટે માત્ર વાદળી અથવા કાળી બોલપેનનો ઉપયોગ કરો.

૮. રફ કામ પ્રશ્નપત્રમાં ક્યાંય પણ કરી શકશો, પરંતુ જવાબ પત્રક પર ક્યાંય રફકામ કરવું નહીં.

૯. પરીક્ષા પૂર્ણ થયે પ્રશ્નપત્ર અને જવાબપત્રક ખંડ નિરીક્ષકને પરત કરવું.

હવે તમે પ્રશ્નોના જવાબ આપવાનું શરૂ કરી શકો છો

**1-15** નીચે આપેલા પ્રશ્નોમાં ખાલી જગ્યાની પૂર્તિ માટે સાચો શબ્દ શોધો અને જવાબપત્રકમાં સાચા વિકલ્પ પર (✓) ખરાની નિશાની કરો.

1. વ્યક્તિની જેટલી આવક હોય તે મુજબ તેણે ____________ કરવો જોઈએ.

   1. વય
   2. વ્યય
   3. અપવ્યય
   4. અલ્પવ્યય

2. આ પુસ્તક ખૂબ જ ____________ છે, એટલે તેને મેળવવું ખૂબ જ અઘરું છે.

   1. સુગમ
   2. દુર્ગમ
   3. દુર્લભ
   4. સુલભ

3. બાળકની જિદ્દ સામે માતા - પિતા ઝૂકી જાય છે. આ વાક્યના ભાવાર્થ સાથે મળતો રૂઢિપ્રયોગ કયો છે ?

   1. જીવ બાળવો
   2. ઘૂંટણ ટેકવવા
   3. ભાવ ન પૂછવો
   4. મચક ન આપવી.

4. પરીક્ષામાં એક સરખા લાગતા પ્રશ્નોને જોઈ હું ____________ માં પડી ગયો.

   1. અસંદિગ્ધતા
   2. વ્યાકુળતા
   3. અસમંજસ
   4. બેચેની

5. તમે મૂંઝાશો નહિ, તમને તમારી ક્ષમતા __________ કામ કરાવવામાં આવશે.

1. અનુકૂળ
2. સરળ
3. અનુરૂપ
4. ઓછું

6. પાંડુ પુત્ર અર્જુનને બાણ વિદ્યા શીખવા માટે આરામ અને સુવિધાઓનો ત્યાગ કરવાનો __________ .

1. થાય છે
2. થશે
3. થઈ રહ્યો છે
4. થયો

7. ગુજરાતમાં સી.એન.જી.એ પ્રદૂષણ ઓછું કરી વાહન - વ્યવહારને સુવિધાજનક બનાવી __________ .

1. દીધી
2. દીધો છે
3. દેશે
4. દેશે જ

8. આજકાલ તો શિક્ષક - તાલીમ માટે દૂરવર્તી શૈક્ષણિક કાર્યક્રમ પ્રસારિત __________ .

1. થશે
2. થાય છે
3. થયો
4. થતો હતો

9. ગાંધીજી માનતા હતા કે જે લોકો જાત મહેનત __________ તેમણે પોતાના કામને નાનું ન માનવું જોઈએ.

1. કરે છે
2. કરતા હતા
3. કરતા નથી
4. કરશે

10. ખેડૂત જો અનાજ નહીં પકવે તો લોકો ભૂખે મરી __________.

1. જાય
2. જઈ રહ્યો છે
3. જતા હતા
4. જશે

11. હું બહાર ફરવા ગઈ __________ એવો સંજોગ બન્યો કે મારી જૂની બહેનપણી મળી ગઈ.

1. અથવા
2. નહીંતર
3. અને
4. જો

12. પલક તેની બહેનને ત્યાં પ્રથમ વાર આવી __________ તેના માટે આકર્ષક ભેટ લાવી.

1. તેમ કે
2. તેથી
3. કેમ કે
4. પરંતુ

13. તે આંખ ઉઠાવીને મને જોઈ શક્યો નહિ __________ તેની આંખોમાં પાણી ભરાઈ આવ્યું હતું.

1. અને
2. કારણ કે
3. એટલા માટે
4. પણ

14. કવિનો ઉદ્દેશ્ય મનોરંજનનો ન હોવો જોઈએ __________ સમાજ કલ્યાણનો હોવો જોઈએ.

1. અને
2. જ્યારે
3. ન કે
4. પરંતુ

15. મહાવરો ન કરવાથી શિક્ષણ નિરર્થક નીવડે છે __________ વિદ્યાર્થી જીવનમાં તે ખૂબ જ મહત્વનો બને છે.

1. એટલા માટે
2. અને
3. ક્યારેક
4. કેમ કે

16-20 નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય શબ્દક્રમ અને વાક્યરચનાવાળા વિધાન પર ખરા ( ✓ ) ની નિશાની કરો.

16.
1. અનેક ચલાવાઈ રહ્યાં છે આંદોલનો હિંદી ભાષાના પ્રચાર માટે.
2. હિંદી ભાષાના પ્રચાર માટે આંદોલનો અનેક ચલાવાઈ રહ્યાં છે.
3. હિંદી ભાષાના પ્રચાર માટે અનેક આંદોલનો ચલાવાઈ રહ્યાં છે.
4. પ્રચાર માટે અનેક ચલાવાઈ રહ્યાં છે આંદોલનો હિંદી ભાષાના.

17.
1. માતાએ અતિથિને ચાનો પ્યાલો ગરમ આપ્યો.
2. ચાનો પ્યાલો માતાએ ગરમ અતિથિને આપ્યો.
3. માતાએ અતિથિને ગરમ ચાનો પ્યાલો આપ્યો.
4. આપ્યો અતિથિને ગરમ માતાએ ચાનો પ્યાલો.

18.
1. મને ગીતોનું એક પુસ્તક લાવી આપો.
2. મને એક ગીતોનું પુસ્તક લાવી આપો.
3. ગીતોનું પુસ્તક એક મને લાવી આપો.
4. મને ગીતોનું પુસ્તક એક લાવી આપો.

19.
1. તેણે ચાર મકાઈના રોટલાઓ ગરમ - ગરમ ખાધા.
2. તેણે મકાઈના ચાર ગરમ - ગરમ રોટલીઓ ખાધા.
3. તેણે ચાર રોટલા ગરમ - ગરમ મકાઈની ખાધા.
4. મકાઈના ચાર રોટલા ગરમ - ગરમ તેણે ખાધા.

20. 1. દેશ મહાત્મા ગાંધીનો સદા આભારી રહેશે.

2. મહાત્મા ગાંધીનો દેશ સદા આભારી રહેશે.

3. મહાત્મા ગાંધીનો દેશ આભારી રહેશે સદા.

4. સદા આભારી રહેશે મહાત્મા ગાંધીનો દેશ.

**નીચે આપેલ પરિચ્છેદ વાંચી પ્રશ્ન નં. 21થી 26ના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

લીમડો એ નાનાં, ચમકતાં, લીલા રંગનાં પાંદડાંઓવાળું ઊંચું નિત્ય લીલું વૃક્ષ છે. તેનું થડ સીધું હોય છે. તેની છાલ કઠણ, ખરબચડી અને ખાંચાવાળી હોય છે. વસંત ઋતુમાં તે સફેદ, નાનાં ફૂલોથી ખીલી ઊઠે છે. આ ઝાડ ક્યારેય પણ સંપૂર્ણપણે પાંદડાં વિનાનું નથી થતું કારણ કે તેનાં બધાં પાંદડાં એક સાથે ખરતાં નથી. તે સમગ્ર ભારતમાં જોવા મળે છે. લીમડાનું સંસ્કૃત નામ 'અરિષ્ઠ' છે, જેનો અર્થ માંદગીમાંથી મુક્તિ આપવાવાળું એવો થાય છે. તે ચમત્કારી વૃક્ષના નામે પણ ઓળખાય છે. લીમડાના વૃક્ષનો પ્રત્યેક ભાગ ઔષધીઓ બનાવવાના કામમાં આવે છે.

લીમડાનું તેલ લીંબોળીનું 'તેલ' કહેવાય છે, જે લીંબોળીનાં બીજમાંથી બનાવાય છે. આ તેલ કોઢ (કુષ્ઠ રોગ) અને ચામડીના રોગોની સારવારમાં અસરકારક રહે છે. તેનાં પાંદડાંનો ઉપયોગ શીતળાના રોગની સારવારમાં થાય છે. માથાના દુઃખાવામાં અને તાવમાં આરામ મેળવવા સામાન્ય રીતે લીમડાની ચા લેવાય છે. આંતરડાં સંબંધી રોગોના ઉપચારમાં તેનો મ્હોર ઉપયોગમાં લેવાય છે. લીમડાનાં છાલ અને ગુંદરમાંથી પણ બહુમૂલ્ય દવાઓ બને છે.

ભારતમાં લોકો લીમડાની ડાળખીનો ઉપયોગ પોતાના દાંત સાફ કરવા કરે છે. જીવાત અને વંદાને દૂર રાખવા દરા અને કબાટમાં લીમડાનાં સૂકાં પાંદડાં મૂકવામાં આવે છે. શેરડી અને શાકભાજીના પાકમાં ખાતર તરીકે લીમડાનો વ્યાપક ઉપયોગ થાય છે. કેટલાક લોકો લીમડાના વૃક્ષને પવિત્ર માને છે અને ખરાબ આત્માઓને દૂર રાખવા માટે ઘરના પ્રવેશદ્વાર પર તેનાં પાંદડાં બાંધે છે. નવજાત શિશુઓને સ્વાસ્થ્ય અને રોગ તરફથી રક્ષણ માટે લીમડાનાં પાંદડાં ઉપર સુવાડવામાં આવે છે. નિઃશંક રીતે લીમડો એ દુનિયાભરના લોકો દ્વારા અદ્‌ભુત વૃક્ષ મનાય છે.

21. લીમડાના વૃક્ષની છાલ કેવી હોય છે ?

1. લીસી અને લીલી

2. ખરબચડી અને ખાંચાવાળી

3. નરમ અને ખાંચાવાળી

4. કઠણ અને લીલી

22. 'અરિષ્ઠ' શબ્દનો અર્થ - શો થાય છે ?

1. જીવન આપે છે
2. ચમત્કાર સર્જે છે
3. ઔષધીઓ આપે છે
4. માંદગી મટાડે છે

23. લીમડાનો મ્હોર કયા રોગની સારવાર માટે લાભદાયી છે ?

1. ચામડીના રોગો
2. શીતળા
3. આંતરડા સંબંધી રોગો
4. તાવ

24. કબાટમાં લીમડાનાં સૂકાં પાંદડાં શા માટે રાખવામાં આવે છે ?

1. ગરોળીઓ અને કીડીઓને દૂર રાખવા માટે
2. જંતુઓને દૂર રાખવા માટે
3. કપડાંની ચમક જાળવી રાખવા માટે
4. તેમને ચોખ્ખાં રાખવા માટે

25. કેટલાક લોકો પોતાના ઘરના પ્રવેશદ્વારે લીમડાનાં પાંદડાં શા માટે બાંધે છે ?

1. ખરાબ આત્માઓને દૂર રાખવા માટે
2. જીવાત દૂર રાખવા માટે
3. પોતાનાં મકાન શણગારવા માટે
4. માંદગીમાંથી મુક્તિ માટે

26. લીમડાનું વૃક્ષ 'અદ્ભુત વૃક્ષ' શા માટે કહેવાય છે ?

1. તેની ડાળીઓ દાતણ કરવા વપરાય છે

2. તે ખૂબ ઉપયોગી ખાતર આપે છે

3. તે નવાં જન્મેલાં બાળકોની રક્ષા કરે છે

4. આ વૃક્ષનો પ્રત્યેક ભાગ ઉપયોગી છે.

**નીચે આપેલ પરિચ્છેદ વાંચી પ્રશ્ન નં. 27થી 32ના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

| મહારાષ્ટ્ર | ઉગાડાતા પાકો | ઉદ્યોગો |
|---|---|---|
| | કપાસ<br>ઘઉં<br>શેરડી<br>ફળફળાદિ | કાપડ<br>રસાયણ<br>મોટર |
| નાગાલેન્ડ | ચોખા<br>મકાઈ<br>સંતરાં | હસ્તકળા ઉદ્યોગ |
| પંજાબ | જુવાર<br>બાજરી<br>ઘઉં<br>શેરડી<br>તેલીબિયાં | સાયકલ<br>રમતનાં સાધનો<br>સ્કૂટર |
| રાજસ્થાન | જુવાર<br>મકાઈ<br>ઘઉં<br>કપાસ<br>તેલીબિયાં | રંગ સામગ્રી<br>કાપડ<br>હસ્તકળા ઉદ્યોગ<br>તેલ |

27. રસાયણોનું ઉત્પાદન માત્ર કઈ જગ્યાએ થાય છે ?

1. રાજસ્થાન

2. નાગાલેન્ડ

3. મહારાષ્ટ્ર

4. પંજાબ

28. તેલીબિયાંનું ઉત્પાદન ક્યાં નથી થતું ?

1. રાજસ્થાન અને નાગાલેન્ડ

2. પંજાબ અને મહારાષ્ટ્ર

3. પંજાબ અને રાજસ્થાન

4. નાગાલેન્ડ અને મહારાષ્ટ્ર

29. કયા રાજ્યમાં સૌથી વધુ ઉદ્યોગો છે ?

1. નાગાલેન્ડ

2. પંજાબ

3. મહારાષ્ટ્ર

4. રાજસ્થાન

30. કયા રાજ્યમાં મોટરો બનાવાય છે ?

1. પંજાબ

2. નાગાલેન્ડ

3. મહારાષ્ટ્ર

4. રાજસ્થાન

31. રમતગમતની સામગ્રીનું ઉત્પાદન કયા રાજ્યમાં થાય છે ?

1. મહારાષ્ટ્ર

2. પંજાબ

3. નાગાલેન્ડ

4. રાજસ્થાન

32. કયા રાજ્યોમાં જુવાર ઉગાડાય છે ?

1. મહારાષ્ટ્ર અને નાગાલેન્ડ

2. નાગાલેન્ડ અને પંજાબ

3. પંજાબ અને રાજસ્થાન

4. મહારાષ્ટ્ર અને રાજસ્થાન

**નીચે આપેલ પરિચ્છેદ વાંચી પ્રશ્ન નં. 33થી 38ના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

"હે ભગવાન ! મેં માત્ર સામેની શેરીમાં પત્ર નાખવા માટે દુકાન છોડી અને કોઈકે મારી ખાંડની થેલી ચોરી લીધી છે ! તે કેટલીક મિનિટો પહેલાં ત્યાં હતી !" - ગામનો દુકાનદાર ગણેશ ચિત્કારી ઊઠ્યો. શું થયું છે તે જાણવા માટે ઘણા બધા લોકો એકઠા થઈ ગયા. તેઓ પૈકીનો એક સ્થાનિક પોલીસવાળો હિંમતસિંહ હતો જેણે ચોરને શોધવામાં ગણેશને મદદ કરવાનું જણાવ્યું. દુકાનની

આજુબાજુનાં બીજાં ડઝન પગલાંમાંથી ચોરનાં પગલાંની નિશાની અલગ તારવવી એ તેના માટે અત્યંત અઘરું કામ લાગતું હતું. તેમ છતાં તે આશાભરી રીતે ઝાડીમાં જતી એક કેડી પર ચાલી નીકળ્યો. કેટલીક જગ્યાએ તે ખરબચડી પથરાળ જમીન પર ગયો. જો કે ત્યાં કોઈ પગલાંની નિશાની દેખાતી નહોતી. તેમ છતાં તેણે પોતાની ઝડપ ઘટાડી નહીં. તેને અનુસરતા લોકો નવાઈ પામતા હતા કે તે કઈ રીતે પગેરું પકડી રહ્યો હતો. તેમ છતાં તે ઝડપથી ચાલતો રહ્યો. એક સ્થળે હિંમતસિંહ અચાનક રોકાઈ ગયો અને પગેરું ચૂકી જવાથી ચારે બાજુ જોવા લાગ્યો. પછી જ્યારે તેણે પોતાના અંગૂઠા વડે તે જે ઝાડ નજીક ઊભેલો તેની ઉપર નિર્દેશ કર્યો ત્યારે તેના ચહેરા ઉપર વિશાળ સ્મિત રેલાયું. ત્યાં તેઓને ઝાડની ડાળીઓ વચ્ચે ખાંડની ખોવાયેલી થેલી સાથે છુપાયેલો ચોર મળ્યો. હિંમતસિંહે તેને કેવી રીતે શોધી કાઢ્યો હતો ? તેની તેજ આંખોએ ધૂળમાં ચમકી રહેલા ખાંડના કેટલાક દાણા જોઈ લીધા હતા. થેલીમાંથી પડતા ખાંડના દાણા એક અત્યંત પાતળી નિશાની છોડતા ગયા હતા. તે એ નિશાનીને અનુસર્યો અને જ્યારે ઝાડીમાં તે નિશાનીનો અંત આવ્યો, તેણે ઝાડ ઉપર જઈ રહેલી કીડીઓની હાર જોઈ. પછી કીડીઓ શા માટે ઝાડ ઉપર જઈ રહી છે, તે જોવા તેણે પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો. તેઓ ખાંડની પાછળ હતો અને તે પણ તેની જ પાછળ હતો. તે બંનેની વચ્ચે તેમણે ચોરને ઝડપી પાડ્યો હતો. ગણેશ એટલો બધો ખુશ હતો કે તેણે તરત જ થેલી ખોલી અને કીડીઓને ઈનામ પેટે મુઠ્ઠી ભરીને ખાંડ ત્યાં મેદાન ઉપર ઢોળી.

33. દુકાનની આસપાસ ટોળું એકત્ર થયું, કારણ કે

1. ગણેશ તેને રેઢી મૂકીને ગયો હતો.
2. ત્યાં ચોરી થઈ હતી.
3. ગણેશ પત્ર રવાના કરવા ગયો હતો.
4. પોલીસે એક ચોરને પકડ્યો હતો.

34. જો કે પગલાંની કોઈપણ નિશાની દેખાતી નહોતી તેમ છતાં હિંમતસિંહે પોતાની ઝડપ ન ઘટાડી કારણ કે

1. તેને દોડવાની મજા આવતી હતી.
2. તે થાકેલો નહોતો.
3. તે ખાંડના દાણાની નિશાનીને અનુસરતો હતો.
4. તેણે ચોરને જોઈ લીધો હતો.

35. ચોર વૃક્ષની ડાળીઓમાં છુપાયેલો છે, તે હિંમતસિંહ જાણી ગયો કારણ કે

1. પગલાંની નિશાનીઓ વૃક્ષ તરફ દોરી ગઈ.
2. તે વૃક્ષ નીચે થોડીક ખાંડ પડેલી હતી.
3. કીડીઓની એક હાર વૃક્ષ ઉપર જઈ રહી હતી.
4. તેણે ચોરને ઝાડ ઉપર જતાં જોઈ લીધો હતો.

36. ગણેશે કીડીઓને મુઠ્ઠીભરી ખાંડનું ઈનામ આપ્યું કારણ કે

1. કીડીઓને ખાંડ ગમતી હતી.
2. કીડીઓએ ઈનામ માગ્યું.
3. હિંમતસિંહે તેવી ભલામણ કરી.
4. કીડીઓ ચોરને પકડવા સુધી દોરી ગઈ.

37. "............................ તે બંનેની વચ્ચે તેમણે ચોરને ઝડપી પાડ્યો." અહીં 'તેમણે' દર્શાવે છે.

1. ગણેશ અને હિંમતસિંહ
2. હિંમતસિંહ અને કીડીઓ
3. ગણેશ અને કીડીઓ
4. હિંમતસિંહ અને ગ્રામવાસીઓ

38. ચોરને પકડી પાડવામાં હિંમતસિંહને મદદરૂપ થનાર ગુણો...

1. બહાદુરી અને બુદ્ધિમત્તા
2. ગંભીરતા અને મદદવૃત્તિ
3. સૂક્ષ્મનિરીક્ષણ અને ચતુરાઈ
4. ત્વરિતતા અને સામર્થ્ય

## નીચે આપેલ પરિચ્છેદ વાંચી પ્રશ્ન નં. 39થી 44ના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

દાદાજીને પોતાનું પેન્શન લેવા દહેરાદૂનથી સહારનપુર જવું પડતું. તેમણે ટોટોને સાથે લઈ જવાનું નક્કી કર્યું. ટોટો માટે એક મોટો, કાળો કેનવાસનો સામગ્રી ભરવાનો થેલો લાવવામાં આવ્યો. જેમાં નીચે તળિયે થોડું ઘાસ રાખ્યું હતું, તે તેનું નવું ઘર બન્યું. થેલો બંધ કરતાં બહાર નીકળવાનો કોઈ રસ્તો ન હતો. ટોટો તેના હાથ બહાર કાઢી શકતો નહોતો અને કેનવાસ એટલું બધું મજબૂત હતું કે ટોટો તેને કરડીને પણ નીકળી શકતો નહોતો. થેલીમાંથી બહાર નીકળવાના એના પ્રયત્નોનું પરિણામ એ આવ્યું કે ક્યારેક થેલો જમીન ઉપર ઘસડાતો અથવા તો ક્યારેક હવામાં ઊછળતો. આ પ્રદર્શન જોવા માટે દહેરાદૂન રેલવે પ્લેટફોર્મ ઉપર જિજ્ઞાસુ લોકોનું ટોળું જમા થયું.

સહારનપુર સુધી તો ટોટો થેલામાં જ રહ્યો પરંતુ જ્યારે દાદાજી રેલવે સ્ટેશનના દરવાજે પોતાની ટિકિટ બતાવી રહ્યા હતા ત્યાં જ અચાનક ટોટોએ પોતાનું માથું થેલાની બહાર કાઢ્યું અને ટિકિટ કલેક્ટર સામે દાંતિયા કર્યા.

તે બિચારો ચમકી ગયો પરંતુ તરત જ સમયસૂચકતા દાખવીને અને ખાસ તો દાદાજી સામે ચિઢાઈને તેણે કહ્યું, "મહાશય, આપની સાથે કૂતરો છે. નિયમ અનુસાર આપે તેનું પણ ભાડું આપવું પડશે."

દાદાજીએ ટોટોને થેલામાંથી બહાર કાઢ્યો અને વાંદરો એ કૂતરા કે અન્ય કોઈ પણ ચોપગા પ્રાણીમાં ન ગણાય તેવું સાબિત કરવા નિરર્થક પ્રયત્ન કર્યો. ટિકિટ કલેક્ટર દ્વારા ટોટોને કૂતરાની શ્રેણીમાં મૂકવામાં આવ્યો તેના ભાડા પેટે અપાયેલી રકમ ત્રણ રૂપિયા હતી.

પછી દાદાજીએ પોતાના ખિસ્સામાંથી એક પાલતુ કાચબો કાઢ્યો અને કહ્યું, "તમે બધાં જ પ્રાણીઓનું ભાડું લઈ રહ્યા છો તો આના માટે શું આપવું પડશે ?

ટિકિટ કલેક્ટરે કાચબાને ધ્યાનથી જોયો અને પોતાની આંગળી ધીમેથી ભોંકી. તેણે દાદાજી સામે આનંદસભર વિજયી નજરે જોયું અને કહ્યું, "કશું જ ભાડું નહીં, આ કૂતરો નથી."

39. ટોટો કોણ હતો ?

1. બાળક
2. કૂતરો
3. વાંદરો
4. કાચબો

40. નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

1. દાદાજી દહેરાદૂનમાં રહેતા હતા.
2. દાદાજી પોતાનું પેન્શન લેવા જઈ રહ્યા હતા.
3. દાદાજી એકલા મુસાફરી કરતા હતા.
4. દાદાજી રેલવેમાં મુસાફરી કરતા હતા.

41. દાદાજી ટોટોને શામાં લઈને ગયા હતા ?

1. પોતાના ખિસ્સામાં
2. ઘાસફૂસના બંડલમાં
3. નાની કાળી થેલીમાં
4. મોટા થેલામાં

42. પ્લેટફોર્મ ઉપર જોવાવાળાઓનું ધ્યાન કોણે આકર્ષિત કર્યું ?

1. એક પ્રદર્શને
2. હવામાં ઊછળકૂદ કરતા થેલાએ
3. થેલામાંથી ડોકિયું કરતા ટોટોએ
4. આવી રહેલી ગાડીએ

43. દાદાજીને ટોટોનું ભાડું ચૂકવવું પડ્યું કારણ કે

1. ટોટો ચોપગું પ્રાણી હતો.
2. બધાં જ પ્રાણીઓ માટે શુલ્ક હતું
3. તેમણે ટોટોની ટિકિટ લીધી ન હતી.
4. ટોટોને કૂતરાની શ્રેણીમાં વર્ગીકૃત કરાયો હતો.

44. આ ઘટનામાં સૌથી પહેલાં શું બન્યું ?

1. દાદાજીએ ટોટોનું ભાડું ચૂકવ્યું
2. દાદાજીએ પોતાનો કાચબો બહાર કાઢ્યો
3. ટોટોએ ટિકિટ કલેક્ટર સામે વાંદરવેડા કર્યા
4. ટોટોએ થેલાની બહાર માથું કાઢ્યું

નીચે આપેલ પરિચ્છેદ વાંચી પ્રશ્ન નં. 39થી 44ના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

# પીળી વટાણાની દાળ

## વાજબી ભાવમાં પૌષ્ટિક અને સ્વાસ્થ્યવર્ધક આહાર

જાગો ગ્રાહક જાગો



## પીળી વટાણાની દાળના લાભ



સર્વોત્તમ સ્રોત છે :

● પ્રોટીન ● કાર્બોહાઈડ્રેટ

● રેસા (ફાઈબર) ... અને અન્ય લાભ

(કેન્દ્રીય ખાદ્ય તકનિકી સંશોધન સંસ્થા, મૈસૂર દ્વારા થયેલા અભ્યાસ પ્રમાણે - જેનો અહેવાલ www.fcamin.nic.in પરથી મેળવી શકાય છે.)

દિલ્હીમાં આ આઉટલેટ પર ઉપલબ્ધ

કેન્દ્રીય ભંડાર અને NCCF નાં કાઉન્ટર્સ

નાફેડ * અને મધર ડેરીનાં કેન્દ્રો *

* નજીકના ભાવિષ્યમાં ઉપલબ્ધ થશે.

ગ્રાહકો ! ઓનલાઈન ફરિયાદ નોંધણી માટે લોગ ઓન કરો : www.core.nic.in અથવા ટોલ-ફ્રી નંબર પર ફોન કરો : 18001804566

ગ્રાહકો, કોઈપણ સહાય / સ્પષ્ટતા માટે નિઃસંકોચ ફોન કરો :

રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન નં. : 18000114000

(નિઃશુલ્કઃ સોમ-શનિ સવારે 9:30 થી સાંજે 5:30 સુધી

011-27662955, 56, 57, 58 (સામાન્ય દર લાગુ)

લોકહિતમાં રજૂ કરાયું

- ભારત સરકાર, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણનું મંત્રાલય, ગ્રાહક બાબત વિભાગ કૃષિ ભવન, નવી દિલ્હી - 110001.

45. આ જાહેરખબર શાના મહત્ત્વ વિશે છે ?

1. પૌષ્ટિક આહારના
2. વટાણા અને દાળના
3. વાજબી ભાવનો ખોરાકના
4. પીળી વટાણાની દાળના

46. પીળી વટાણાની દાળ સાનો સારો સ્રોત નથી ?

1. પ્રોટીનનો
2. ચરબીનો
3. રેસાતત્ત્વ (ફાઈબર)નો
4. કાર્બોહાઈડ્રેટનો

47. પીળી વટાણાની દાળ વિશે કોના દ્વારા અભ્યાસ હાથ ધરાયો હતો ?

1. કેન્દ્રીય ભંડાર દ્વારા
2. ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય દ્વારા
3. કેન્દ્રીય ખાદ્ય તકનિકી સંશોધન સંસ્થા દ્વારા
4. મધર ડેરી દ્વારા

48. પીળી વટાણાની દાળ કયા સ્થળે મળતી નથી ?

1. કેન્દ્રીય ભંડાર
2. નાફેડ
3. મધર ડેરી
4. કૃષિ ભવન

49. આ જાહેરખબર કોના દ્વારા અપાઈ છે ?

1. ગ્રાહક બાબત વિભાગ દ્વારા

2. રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન દ્વારા

3. કેન્દ્રીય ભંડાર દ્વારા

4. કૃષિ ભવન દ્વારા

50. પીળી વટાણાની દાળનો ઉપયોગ શા માટે કરવો જોઈએ ?

1. તે સહેલાઈથી પ્રાપ્ય છે

2. તે સરકાર દ્વારા અનુમોદિત છે

3. તે સ્વાસ્થ્યવર્ધક અને પૌષ્ટિક છે

4. તે પીળા રંગની છે